
# શ્રી આનંદ કલ્યાણ

વિ.સં. ૨૦૮૧, અષાઢ સુદ-૧ • તા.૨૬-૦૬-૨૦૨૫, ગુરૂવાર • અંક : ૨૩

23



શેઠ આણંદજી કલ્યાણજી

"સહુને આનંદ સહુનું કલ્યાણ"

અમદાવાદ

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

# શ્રી આદિનાથદાદાની ૫૦૦મી સાલગીરી

ના ઉપલક્ષમાં

## ૫૦૦મી સાલગીરી પ્રસંગ

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬ સોમવાર, તા. ૧૨-૫-૨૦૩૧

## શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

## દ્વારા પ્રસ્તુત લાભ લેવાનો સુવર્ણ અવસર એટલે...

## "સુવર્ણ મહોત્સવ અવસરે આયોજિત સર્વ સાધારણ ફંડ"

સુવર્ણ મહોત્સવમાં આપણો લાભ કેમ ન હોય ?

રૂા. ૫૪૦૦ આપી સહભાગી થઈએ.

'શેઠ આણંદજી કલ્યાણજી' નામનો એકાઉન્ટપેયી ચેક / રોકડ, ભારતની કોઈપણ એચ.ડી.એફ.સી. બેંકની શાખામાં સેવિંગ્સ એકાઉન્ટ નં. 50100165224400 માં ભરી શકાશે. ચેક ભર્યાની પે-ઈન-સ્લીપ પેઢીના અમદાવાદના સરનામે આપના નામ, સરનામા, મોબાઈલ નંબર, ઈ-મેઈલ એડ્રેસ સહિત વિગતે ફોર્મ ભરી મોકલી આપી દાનની રસીદ અવશ્ય મેળવવી.

આ માટેના ફોર્મ શેઠ આણંદજી કલ્યાણજી પેઢી સંચાલિત બધા જ તીર્થોમાં ઉપલબ્ધ છે. તેમજ www.anandjikalyanjipedhi.org વેબસાઈટ ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે.



# શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું મુખપત્ર

**(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ રજી નં. એ-૧૨૯૯/અમદાવાદ)**

# શ્રી આનંદ કલ્યાણ

**સળંગ અંક : ૨૩ મૂલ્ય : રૂા. ૨૦ વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦**


જગતના સ્વામી, ત્રણ લોકની મર્યાદા કરનાર, અવર્ણનીય સ્વરૂપવાન, યુગની આદિ કરનાર, યોગી અને અરિહંત પ્રભુ

શ્રી ઋષભદેવસ્વામીને નમસ્કાર થાઓ.

અરિહંત અને ચક્રવર્તી, સુવર્ણ જેવી કાંતિવાળા, સ્તુતિ કરાતા, કલ્યાણકારી એવા

શ્રી શાંતિનાથ ભગવાન અમારા સત્કૃત્યના લાભ માટે થાઓ.

ક્રીડાપૂર્વક કૃષ્ણને હાથમાં હીંચકાવનાર, જરાસંઘના પ્રતાપને હરનાર અને કામદેવનો નાશ કરનાર

શ્રી નેમિનાથ ભગવાન સર્વને પવિત્ર કરો.

જેની દૃષ્ટિમાંથી નીકળતી અમૃતવૃષ્ટિથી સર્પ પણ, સર્પોનો પતિ ધરણેન્દ્ર બની, ત્રિવિધ તાપથી મુક્ત થયો, એવા

શ્રી પાર્શ્વનાથ ભગવાન સર્વના હર્ષ માટે થાઓ.

ઈન્દ્રનો સંશય ટાળવા જેમણે મેરુ પર્વતને કંપાવ્યો એવા શૂરવીર, દાનવીર અને ધર્મવીર

શ્રી મહાવીરસ્વામી ભગવાન સર્વનું કલ્યાણ કરનારા થાઓ.

લક્ષ્મીના નિવાસ માટે કમલરૂપ, મોક્ષલક્ષ્મીના છત્રરૂપ અને શ્રી શત્રુંજય ગિરિના મુકુટરૂપ શ્રી પુંડરીક ગણધર ભગવંતને હું નમસ્કાર કરું છું .

(શત્રુંજય માહાત્મ્ય સાર માંથી)


**: પ્રકાશક :**

શેઠ આણંદજી કલ્યાણજી

"સહુને આનંદ સહુનું કલ્યાણ"

શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

**૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.**

'શ્રી આનંદ કલ્યાણ' (ત્રિમાસિક પત્ર)

વર્ષ-૯ | સળંગ અંક : ૨૩

પ્રકાશન

વિ.સં. ૨૦૮૧, અષાઢ સુદ-૧, ગુરૂવાર, તા. ૨૬ જૂન ૨૦૨૫

પ્રકાશક :

નૈમિષ ભરતકુમાર શાહ (જનરલ મેનેજર)

શેઠ આણંદજી કલ્યાણજી, શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

ફોન : ૨૬૬૪૪૫૦૨ – ૨૬૬૪૫૪૩૦

E–mail : shree_sangh@yahoo.com

Website : www.shethanandjikalyanjipedhi.org

મુદ્રક : કેતન બુક બાઈન્ડીંગ વર્કસ (મલય શાહ) મો. : ૯૪૨૭૦૨૦૩૪૮

## જયતળેટીએ ૧૮અભિષેક

વિ.સં. ૨૦૮૧ શ્રાવણ સુદ-૫, મંગળવાર, તા.૨૯.૦૭.૨૦૨૫ના દિવસે જયતળેટીએ સિદ્ધશિલા તથા ચરણપાદુકાઓના ૧૮ અભિષેક પૂજાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગેની બોલીઓ વિ.સં.૨૦૮૧ અષાઢ વદ-૭, શનિવાર, તા.૧૯.૦૭.૨૦૨૫ના દિવસે ભાતાઘર, તળેટી રોડ, પાલીતાણા ખાતે બોલાવવામાં આવશે.

આપ સહુને પધારવા અને લાભ લેવા વિનંતી છે.

## દોશીવાડાની પોળ સ્થિત શ્રી અષ્ટાપદનું જિનાલય

પ્રાચીન પોળનાં રહેણાંક વિસ્તારનાં પ્રથમ મજલાની ઊંચાઈએ કાષ્ટકલા અને પિત્તળનાં ધાતુ શિલ્પોથી યુક્ત કાષ્ટના તોતીંગ દરવાજાથી શોભતા પ્રવેશદ્વારેથી અષ્ટકર્મબંધ તોડવા આઠ પગથિયા ચઢીને આ અષ્ટાપદજીના જિનાલયનાં પ્રાંગણમાં પ્રવેશ થાય છે. પ્રવેશદ્વારની ઉપર નોબતખાનાની બારીનાં બાહ્ય ભાગે રેતિયા પત્થરની કલાત્મક કોતરણીયુક્ત ઝરુખાબારીની રચનાથી જિનાલયના પ્રવેશદ્વારનો બાહ્ય ભાગ સુશોભિત છે. શ્રી હઠિસિંહના દેહરાનાં ઝરુખાની સ્મૃતિરૂપ ઝરુખાબંધ બાંધણીવાળુ આ જિનાલય ઝરુખાવાળા જિનાલયનાં પર્યાયવાચી નામથી રાજનગરમાં પ્રસિદ્ધ છે. વિશાળચોકનાં ખુલ્લા પ્રાંગણમાં આકાશ નીચે શ્વેત આરસનાં સંગેમરમરનાં ગર્ભગૃહમાં પ્રશાંતરસનિમગ્ન જિનપ્રતિમા બિરાજમાન છે.

ઊંચી વ્યાસપીઠ ઉપર શોભતું આ જિનાલય ગિરિશિખર ઉપર કાયોત્સર્ગ મુદ્રામાં રહેલા મૌન તપસ્વીની જેમ સ્થાપિત થયેલું પ્રાચીન તીર્થની ઝાંખી કરાવતું જૈનપુરીનું વિરલ અને ભવ્ય જિનાલય છે. ખુલ્લા ચોકમાં મંદ મંદ વાતા પવનથી પ્રસરતી ધૂપની મહેક વાતાવરણને આલ્હાદકતા બક્ષે છે. આ જિનાલયનાં પ્રત્યેક પરમાણુ ભવ્યાત્માઓને અલૌકિક શાંતિનો સ્વાનુભવ પ્રાપ્ત કરાવે છે. આ જિનાલયની મનમોહક દિવ્ય આભાથી પરમાત્માના દર્શન કરીને ભક્તો પ્રસન્નતા પ્રાપ્ત કરે છે.

વર્તમાન સમયે અષ્ટાપદ જિનાલયની ઉંચી વ્યાસ પીઠનાં ભોંયતળિયા નીચે આ જિનાલયના પાયાનું ભોંયરું જોઈ શકાય છે. પ્રાચીન સમયની આ બાંધકામની પદ્ધતિ આજના નૂતન સ્થપતિઓ માટે આદર્શ પ્રેરણારૂપ છે. મંદિરસ્થાપત્ય અને શિલ્પકલાની દૃષ્ટિએ અષ્ટાપદનું જિનાલય ગર્ભગૃહ, રંગમંડપ, શૃંગારચોકી અને સામરણયુક્ત શિખરની રચનાથી શોભે છે. નંદીશ્વરદ્વીપની રચનામાં દ્વીપમંદિરના ગર્ભગૃહને ફરતે પ્રદક્ષિણાપથ છે. નંદીશ્વરદ્વીપની ફરતે વિપુલ સંખ્યામાં સ્થંભો, તોરણો અને તેના ટોડલે શોભતી

વિવિધ ચેષ્ટાથી ચિત્તાકર્ષક સુંદર વૈવિધ્યપૂર્ણ વેશભૂષા, શૃંગાર, અલંકાર અને કેશકલાપથી શોભતી સંગીતનાં વિવિધ વાદ્યો સાથે કમનીય અંગમરોડનાં નારીશિલ્પો જિનાલયની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. આ જિનાલયમાં શિલ્પ અને સ્થાપત્યનો પરસ્પર સુમેળ સધાયો છે. સમગ્ર જિનાલયનાં સ્થાપત્યનું અધ્યયન કરતાં લાગે છે કે જિનાલય બાંધનાર સ્થપતિએ વિ.સં.૧૯૦૩માં બનેલા શ્રી હઠીસિંહનાં દેહરાની સ્થાપનના નવ વર્ષ પછી વિ.સં.૧૯૧૨માં વિશાળ ચોકની મધ્યમાં આ જિનાલય શેઠશ્રી મગનલાલ કરમચંદે બંધાવ્યું. શેઠશ્રી હઠિસિંહના દહેરાની કલાસમૃદ્ધિની પરિકલ્પનાના ધ્યેયથી પ્રસ્તુત જિનાલય વિશેષ શિલ્પ સ્થાપત્યથી શોભાવ્યું છે.

'નંદીશ્વરદ્વીપ તથા અષ્ટાપદ દેરાના ઢાળિયા' કવિશ્રી અમૃતવિજયજીકૃત પદ્યરચનામાં રાજનગરના વિદ્યાશાળાની બાજુમાં આવેલા અષ્ટાપદ જિનાલયની પ્રતિષ્ઠા અંગેની સ્પષ્ટ વિગતો પ્રાપ્ત થાય છે. પ્રસ્તુત રચનાના કેટલાક અંશો અત્રે રજૂ કર્યા છે.

**ઢાળ-૨ :** ગુજરાત તે દેસ મઝાર રાજનગર અતિ સુંદરું રે,
તેમાં સમેતસીખરાદિ ચૈત્યવંદના દિન પ્રતિ હૂં કરું રે,
વલિ સેઠ કરમચંદ સુત મગનભાઈ બાહાદુર ચિંતવે રે,
અષ્ટાપદ દેહરો એક કરાઉં દ્રવ્ય ખરચિ હવે રે ।।૨।।
હવે પ્રતિષ્ઠા તણો અધિકાર સંમત ઉગણીસ બારોત્તરે રે,
વૈશાખ સુદ આખા તિજ બુધવાર મન ધારો તમે રે,
કિધિ બીંબ પ્રતિષ્ઠા સાર મગનભાઈ પોતાના હાતસું રે,
સ્વામી-વછલ મોત્સવ ભગતિ કરે બહુ ભાંતસું રે ।।૪।।

**ઢાળ-૩ :** ચંચલબાઈ સુત સુંદર સોહે, દેખતા સહુ મન મોહેજી રે,
સેઠ સારાભાઈ મગનભાઈ પુત્યે તે રીધી પાઈ ।।૨।।
વરતમાન સેઠ સારાભાઈ, સારા કારજ સારેજી રે,

તસ પ્રિયા ઉજલી સેઠાણી, ઉજલ ચિત મન આણી રે ॥૪॥
સેઠ સારાભાઈ ચિત્ત હરખીને, દેહરો એક કરાવેજી રે,
નંદીસર બાવન ચઉમુખનો જુગતિ બંધ કરાવે રે ॥૬॥
ત્રિકમદાસ નિત દેરાસરનો, રુડો કામ કરાવેજી રે,
સમોવસરણ મંડપનિ રચના, અદ્‌ભૂત તેહ કરાવે રે ॥૭॥

**ઢાળ-૪ :** વીધી શાસ્ત્ર પ્રમાણે જેહ, તેહ સીવરાજા કરે સનેહ,
હવે પ્રતિષ્ઠાનો દાડો જેહ, તેહ કહુ સુણયો સસનેહ ॥૮॥
સમંત ઓગણીસ બત્રીસ, ફાગણ સુદ બીજ જત્રીસ,
સેઠ સારાભાઈ નગીનદાસ, ચમનલાલ ત્રિકમ પૂરે આસ ॥૯॥
વલિ સમોવસર્ણ જયકાર, કીધો જેકોરબાઈ મનોહાર,
એમ દેહરો બન્યો અધિકાર, દેખતાં મોહે નર નારી ॥૧૨॥

**કળશ :** અષ્ટાપદ દેહરો મગનભાઈ, પોતે હાતક કરાયો,
ચત્તારી અઠ દસ હોય જિનબીંબ પ્રતિષ્ઠા કરી હરખાયો રે ॥૧॥
તસ પૂઠે નંદીસર દેરો અનોપમ એક કરાયો,
સેઠ સારાભાઈ ત્રીકમદાસ કારભારી કેવાયો રે ॥૨॥
સુભ મૂહરત ને રવિવારે બીંબ પ્રભૂ પધરાયો,
સમોવસરણ જેકોર કરાયો, પોતાનો નામ ધરાયો રે ॥૩॥
દાન દઈ સુભ ભાવના ભાવે દયા શીત વરતાયો,
તસ ઘર મંગલલીલા વરતે, અમૃતવિજય સુખ પાયો રે ॥૪॥

આ સ્થાપત્યની વિશેષતા એ છે કે આ જિનાલયનાં રંગમંડપને ફરતે દિવાલો નથી. તીર્થપટ કે ગવાક્ષદેરીથી શોભતી રંગમંડપની દિવાલોનો અભાવ હોવા છતાંય વિશાળ ખુલ્લા ચોકમાં સ્થાપિત આ જિનાલયની શોભા અનેરી છે. કલ્પના કરો કે ખુલ્લા ચોકમાં ખુલ્લા આકાશ નીચે શ્વેત આરસનું આ જિનાલય અને તેનાં શિખર ઉપર લહેરાતી ધજા સાથેની ઘૂઘરીયુક્ત ઝાલરની

મધુર સુરાવલીનાં રેલાતાં સંગીત સાથે પૂર્ણિમાની સોળે કળાએ ખીલેલી ચાંદનીનાં ઉજ્જવળ પ્રકાશમાં આ જિનાલય કેવું ભવ્ય અને મનોહર લાગતું હશે.

રેતિયા પત્થરના બનેલા ભવ્ય જિનાલયના પ્રવેશદ્વારની શોભાને અનુરૂપ આ જિનાલયની સર્વાંગ શોભા તેની કલાત્મક શિખરરચના છે. રેતિયા પત્થરની સામરણયુક્ત શિખરરચનાં ચઢતા અને ઉતરતા ક્રમમાં નાની નાની કળશાકાર શિલ્પાકૃતિની સાથે વ્યાલશિલ્પો અને કિચકશિલ્પોની અનેરી શોભા જિનાલયની બાજુમાં આવેલા વિદ્યાશાળાના ઉપાશ્રયના પ્રથમ મજલાની બારીમાંથી જોઈ શકાય છે. સૂર્યના કિરણોના નૈસર્ગિક સૌંદર્યમાં આ શિખરાવલિ ખરેખર નયનરમ્ય લાગે છે.

આ જિનાલય મુખ્ય પાંચ ભગમાં વહેંચાયેલું છે. (૧) નોબતખાનુ (૨) અષ્ટાપદ (૩) નંદીશ્વરદ્વીપ (૪) સમવસરણ (૫) રાયણ પગલા.

**ભાગ - ૧ : નોબતખાનુ**

મુખ્ય જિનાલયમાં પ્રવેશ કરતા આઠ પગથિયા ચડીને જિનાલયના બે પ્રવેશદ્વાર નાલમંડપ સ્વરૂપે છે. આઠ પગથિયા તે અષ્ટાપદનાં આઠ પગથિયાનાં પ્રતિક તરીકે છે. ત્યાંથી મંદિરનાં ચોકમાં પ્રવેશ કરાય છે. બન્ને નાલમંડપ ઉપર સળંગ નોબતખાનુ આવેલું છે. નોબતખાનુ અને વિતાનનું લેવલ એકસરખું છે. મંદિરની તરફના નાલમંડપમાં ચાર ગાળા છે. જમણીબાજુનાં બે ગાળાની વચ્ચે ઘુમ્મટ આચ્છાદિત ગુરૂ પગલાની દેરી આવેલી છે. કેન્દ્રમાં કમળઆકારે આઠ પાંખડીઓમાં આઠ પગલા અને વચ્ચેના વર્તુળમાં એક એમ નવ ગુરૂના પગલા છે. તેની બાજુના બીજા કક્ષમાં ત્રણ અને આઠ પગલા છે.

દેરીની જમણીબાજુમાં ગવાક્ષમાં શ્રી હીરવિજયજી મ.સા.ની કાષ્ટ પ્રતિમા બિરાજમાન છે. ગવાક્ષની અંદરની બન્ને બાજુએ ચિત્રકામ છે. તેમાં મધ્યમાં અકબર અને બિરબલના ચિત્ર છે જેની નીચે તેમના નામ લખેલા છે.

સામેની બાજુએ ગુરૂશ્રી હીરવિજયજી મ.સા.ની સન્મુખ તેમના શિષ્યગણ અને શ્રાવકગણ ઊભેલા દોરવામાં આવ્યા છે. પ્રસ્તુત ચિત્ર રાજપૂત અને મોગલશૈલીની ચિત્રકલાનું સંયોજન છે.

દેરીની બાજુમાં શ્રી શાંતિનાથ ભગવાન અને તેના અધિષ્ઠાયક દેવોની પ્રતિમા બિરાજમાન છે. એક તરફ ખૂણામાં ત્રણ-ત્રણ અર્ધસ્થંભ છે. બીજી બાજુ ખૂણામાં બે સાથિયા સ્થંભ છે. ત્રણ-ત્રણ અર્ધસ્થંભ વચ્ચે બારીઓ છે. બારીઓની બહારનાં ભાગે ઝરુખા છે. જમણીબાજુની બારી ઉપરનો લેખ અષ્ટાપદના જિનાલયની રચના અને તેની પ્રતિષ્ઠાની માહિતી આપે છે તેથી તે મહત્ત્વનો છે. રેતિયા પથ્થરની કલાત્મક કોતરણીયુક્ત નોબતખાનાની બહારની દિવાલ અલંકૃત છે. નોબતખાનાની છત સાદી છે. મંદિરની તરફના સ્થંભોના ટોડલે નારી શિલ્પો છે અને ટેકાઓની છતના મથાળે દાઢીધારી વિદૂષક છ પૂતળાઓના શિલ્પો છે. નોબતખાનાના લેખ આ પ્રમાણે છે.

**નોબતખાનાના લેખ :**

**મુખ્ય દરવાજાની ઉપર બારીની ઉપરની દિવાલ પર પ્રતિષ્ઠાનો લેખ :**

संवत १९१२ना वर्षे वैशाख सुद - ३ वारबुधे ता. ७ मे १८५३ अंगरेजीने दिने श्री राजनगरे श्री अमदाबादवास्तव्य विद्यमान श्री कंपनीबहादुरराज्ये विज्ञाते दशासरमाली शावक शा. प्रेमचंद तत्पुत्र शा. करमचंद तत्भार्या जोईताबाई तत्कुक्षे रायबहादुर मगनभाईए दोशीवाडानी पोळ श्री अष्टापदजीप्रासाद कराव्यो. तेमां चोवीस तीर्थंकर वर्तमान चोवीसीना पधराव्या छे. तेमां पूरव सनमुख मूलनायक श्री रुषभदेवसामी तथा महावीरसामी पधराव्या छे. ते श्री गौतमकुंजकनी वृद्धवृत्तिनी साखथी पधराव्या छे. प्रतिष्ठितं तपागच्छे श्री विजयदेवचंद्रसूरीराज्ये पन्यास रुपविजयजी माहाराज्य तत्शिष्ठ पं.अमीविजयजी तत्शिष्य पं. सौभाग्यविजयजी राज्ये ॥

**શ્રી ૧૦૦૮ જગદ્‌ગુરૂ વિજયહીરસૂરીશ્વરજી મ.સા.ની પ્રતિમાજીની દેરીની ઉપર પ્રશસ્તિ લેખઃ-**

શ્રી અકબર બાદશાહને પ્રતિબોધિત કરનાર વડતપાગચ્છના આચાર્ય ભટ્ટારક શ્રી ૧૦૦૮ શ્રી શ્રી વિજયહીરસૂરીશ્વરજીની મૂર્તિ અષ્ટાપદજીના મૂલ દરવાજે સંવત ૧૯૩૨ના ફાગણ સુદ-૨ને દિવસે શેઠ સારાભાઈ મગનભાઈ રાયબહાદુરે સ્થાપિત કરી રાજનગર મધ્યે.

-લિ. કેશીલાલ શિવરામ.

**નોબતખાનામાં વચ્ચે ગુરૂ પાદુકાનો લેખ :-**

संवत १९१३ मागसिर मासे कृष्णपक्षे प्रतिपदायां तिथौ आचार्य विजयसिंहसूरीश्वरपादुका कारापितं पं.सौभाग्यविजयगणि प्रतिष्ठितं.

१. तत्‌शिष्य पं. अमीविजयगणि
२. तत्‌शिष्य पं. सत्यविजय
३. तत्‌शिष्य पं. कर्पुरविजय
४. तत्‌शिष्य पं. खीमाविजय
५. तत्‌शिष्य पं. जीतविजय
६. तत्‌शिष्य पं. उत्तमविजय
७. तत्‌शिष्य पद्मविजय
८. तत्‌शिष्य रुपविजय

**અન્ય પગલા પરનો લેખ :-**

रुपविजय, कीरतीविजय, वलभविजय,
रत्नविजय, मोहनविजय, हंसविजय.

મુખ્ય જિનાલય મુખ્ય દ્વારમાં પ્રવેશીને મુખ્ય જિનાલયની સામેની દિવાલમાં ખૂબ ઊંચે એક ગોખલામાં શ્રાવક-શ્રાવિકાના બે યુગલની આરસપ્રતિમા છે. લેખ આ પ્રમાણે છે :-

**શેઠ મગનભાઈ કરમચંદ**

**શેઠાણી હરકોર વહુ સેઠ મગનભાઈની ભાર્યા**

**શેઠ મોતીભાઈ કરમચંદ**

**શેઠાણી સણગાર વહુ સેઠ મોતીભાઈની ભાર્યા**

**ભાગ - ૨ : અષ્ટાપદ જિનાલય**

શ્રી દેવ, ગુરૂ અને ધર્મતત્ત્વના સુભગ સમન્વયથી શોભતા દોશીવાડાની પોળનાં મુખ્ય પ્રવેશદ્વારે જૈનધર્મની કલા અને સંસ્કૃતિનાં ત્રિવેણી સંગમ સમાન શ્રી આદિનાથ ભગવાનનું આ જિનાલય અષ્ટાપદ તીર્થની પ્રતિકૃતિથી રાજનગરમાં અષ્ટાપદનું દેહરુ એ હુલામણા નામે પ્રસિદ્ધ છે જે રાજનગરમાં ગૂંજતાં જૈનધર્મનાં સુવર્ણયુગની સાક્ષી છે.

શાસ્ત્રીય તીર્થયાત્રા પરંપરા પ્રમાણે ચોવીસ જિનના પાંચ કલ્યાણકભૂમિની યાત્રાનો મહિમા અનેરો છે. આ રીતે ૨૪ $x$ ૫ એમ કુલ ૧૨૦ કલ્યાણકભૂમિની સ્પર્શનાનું અતિ મહત્ત્વ છે. શ્રી આદિનાથ ભગવાનની નિર્વાણ કલ્યાણક ભૂમિ અષ્ટાપદ પર્વત વર્તમાનમાં લુપ્ત થયેલું મનાય છે.

**અષ્ટાપદ જિનાલયની શાસ્ત્રોક્ત રચનાનું ધાર્મિક સ્વરૂપ :-**

વર્તમાન ચોવીસીનાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ સ્વામીનાં નિર્વાણ કલ્યાણકભૂમિ અષ્ટાપદ પર્વત ઉપર પ્રથમ ચક્રવર્તી શ્રી ભરત મહારાજાએ શ્રી ઋષભદેવનાં અગ્નિસંસ્કારનાં સમીપની ભૂમિ પર ત્રણ ગાઉ ઉંચો અને જાણે મોક્ષ મંદિરની વેદિકા હોય તેવો ‘સિંહનિદ્યા’ નામનો પ્રાસાદ રત્નમય પાષાણોથી શિલ્પી વાર્ધકી સ્થપતિ પાસે કરાવ્યો. તેમાં ચોવીશે પરમાત્માનાં દેહના પ્રમાણમાપ સમાન અને તેમના દેહનાં વર્ણ (રંગ) અનુસાર પ્રત્યક્ષ પ્રભુ બિરાજમાન હોય તેવી શ્રી ઋષભ આદિ ચોવીશજિનની (તીર્થંકર) નિર્મળ રત્નમય પ્રતિમા રચીને નાસિકા દષ્ટિએ સમાન સ્થાપના કરી હતી.

શ્રી ભરત મહારાજાની આજ્ઞા થતાં સર્વકળાનાં જ્ઞાતા શ્રી વાર્ધકી સ્થપતિ શિલ્પીએ અષ્ટાપદ પર્વતની ઉપર મસ્તકના મુકુટમણિ જેવું પવિત્ર ચૈત્ય બનાવ્યું જેમાં પૂર્વમાં બે, દક્ષિણમાં ચાર, પશ્ચિમમાં આઠ અને ઉત્તરમાં દશ પૈકી સોળપ્રતિમા સુવર્ણરંગની, બે શ્યામ વર્ણની બે રક્ત વર્ણની, બે શ્વેત વર્ણની અને બે નીલા વર્ણની એમ ચોવીશ જિનપ્રતિમાની સ્થાપના કરી હતી. ભરત ચક્રવર્તીએ દંડરત્ન વડે પર્વતમાં દાંતા પાડી એક એક યોજનનાં આઠ પગથિયા બનાવ્યા. તેથી આ તીર્થનું નામ 'અષ્ટાપદ તીર્થ' પડ્યું. ઉભડક બેઠેલા સિંહની આકૃતિ સ્વરૂપ આ જિનાલયનું નામ સિંહનિષદ્યા પ્રાસાદ પ્રસિદ્ધ થયું. શ્રી ભરત મહારાજાએ આ પર્વતની રક્ષા માટે લોખંડનો લોહપુરુષ સ્થાપ્યો હતો.

વર્તમાન તીર્થાધિપતિ શ્રી મહાવીર સ્વામી પરમાત્માના પ્રથમ ગણધર અનંત લબ્ધિવાન શ્રી ગૌતમસ્વામીએ સૂર્યનાં કિરણો પકડીને આ તીર્થની યાત્રા કરી હતી અને ત્યાં શ્રી જગચિંતામણી સૂત્રની રચના કરી હતી. પોતાના અંગૂઠામાં રહેલી અક્ષયલબ્ધિની સિદ્ધિથી પાત્રમાં રહેલી ખીરથી ૧૫૦૩ તાપસોને પારણું કરાવ્યું હતું. કવિશ્રી દીપવિજયજીએ શ્રી અષ્ટાપદની જે પૂજા રચી છે. તેમાં અષ્ટાપદ તીર્થનું ભાવવાહી કાવ્યાત્મક વર્ણન છે.

તેમાં પાંચમી દીપક પૂજામાં શ્રી ઋષભદેવના નિર્વાણકલ્યાણકની ભૂમિ અષ્ટાપદ પર્વત ઉપર તેમના પુત્ર ભરત મહારાજાએ રત્નમણિમય સિંહનિષદ્યા નામનું જિનાલય બંધાવ્યું તેનું વર્ણન આ પ્રમાણે છે.

''થુભ પરે પ્રાસાદ કરાવે, તિહાં નિષદ્યા નામ ॥
મંડપે ચોરાસી ચિહું પાસે, ચૌમુખ જિનના ધામ ॥પ્રા૩॥
નિજ નિજ દેહ પ્રમાણે જિનની, પ્રતિમા ભરાવે નરેશ ॥
ઋષભથી વીર જિણંદ લગે રે, ચોવીશ ત્રિભુવન ઈશ રે ॥ પ્ર ॥ ૪ ॥
પૂર્વ દિશિ દોય ચાર દક્ષિણ, આઠ પશ્ચિમ દિશિ જાણ ॥
ઉત્તર દિશિ દસ પ્રભુજી બિરાજે નાસિકા ભાગ સમાનરે ॥ પ્ર ॥ ૫ ॥

લંછન વર્ણ ને દેહપ્રમાણ, જક્ષિણી જક્ષ પ્રમાણ ॥
ચૌમુખ સરખી ભૂમિ બિરાજે, પ્રત્યક્ષ મુક્તિ સોપાન રે ॥ પ્ર ॥ ૬ ॥
ભાઈ નવાણ ને મરૂદેવી બ્રાહ્મી, સુંદર સહુ પરિવાર ॥
રયણમય પ્રતિમા સહુની ભરાવે, ભરતજી જય જયકાર રે ॥ પ્ર ॥ ૭ ॥

આ રીતે રત્નમણિમય જિનાલયથી શોભતું તીર્થ બનાવ્યું અને તેની રક્ષા અર્થે પર્વત ઉપર સુરક્ષાકવચ પણ કરાવ્યું. તેનું વર્ણન કવિશ્રી આ રીતે કરે છે.

‘ભરતજી ચિંતે આગળ ભાવી, કોડાકોડ સાગર માન ॥
તીર્થ એહ જગ જયવંતુ, આગળ વિષમકાળથી હોશે, લોહી લોહ અજાણ ॥તીર્થ.॥૧॥
તીરથ આશાતના કોઈ કરશે, ચિંતે ભરત નરેશ,
પર્વત ભાગની ભૂમિ જે વિષમ, કીધી પાજ પ્રવેશે ॥તીર્થ.॥૨॥
બત્રીશ કોસનો પર્વત ઊંચો, આઠ ચોક બત્રીસ ॥
યોજન યોજન અંતર કીધાં, પગથીયાં આઠ નરેશ ॥તીર્થ.॥૩॥
ઈમ અષ્ટાપદ તીરથ સ્થાપી, અનુભવી ભરત મહારાજ’ ॥

વર્તમાનકાળે આ તીર્થ અદશ્ય હોવાથી શિલ્પશાસ્ત્રના ગ્રંથોમાં મળતા ઉલ્લેખને આધારે ‘અષ્ટાપદતીર્થ’ની પ્રતિકૃતિ રૂપ પ્રસ્તુત જિનાલયની રચના કરવામાં આવી છે તેથી તે જિનાલય ‘અષ્ટાપદ જિનાલય’ કહેવાય છે. અષ્ટાપદનું જિનાલય મુખ્ય ચોકમાં ચાર-પાંચ પગથિયાની વ્યાસપીઠ ઉપર બનાવેલું છે. ચારેબાજુથી ખુલ્લા રંગમંડપની મધ્યમાં અષ્ટાપદના ગર્ભગૃહને ફરતે શૃંગાર ચોકી છે. રંગમંડપમાં કુલ બાર સ્થંભ છે. મધ્યનાં આઠ સ્થંભ અષ્ટકોણીય છે. તે પછી ષોડષકોણીય મોભાની ઉપર વિતાન છે. વિતાનમાં દસ થર છે. તેમાં આઠ પૂતળીઓ વિવિધ વાદ્યો સાથે ભિન્ન ભિન્ન પ્રવૃત્તિ કરતી ઉભી છે. ગજનાળુંના ત્રણ થર અને વચ્ચે કોલકાનાળાનાં ચાર થર છે. તેની

વચ્ચે સાથ થરની કલાત્મક પદ્મશીલા છે. જિનાલયનાં મુખ્ય ગર્ભગૃહમાં ચત્તારી, અઠ્ઠ, દસ, દોય એ પરંપરા અનુસાર ચોવીશ જિનની નયનરમ્ય પ્રતિમા બિરાજમાન છે. આ ગર્ભગૃહના પ્રતિમા લેખ આ પ્રમાણે છે.

**અષ્ટાપદ જિનાલયના ગર્ભગૃહના લેખ :-**

१. .........श्री आदिनाथबिंबं कारापितं सर्वसूरिभि प्रतिष्ठितं ।

२. संवत १९०३ना शाके १७६८ प्रवर्तमाने ......... श्री अजितनाथबिंबं कारापितं प्रतिष्ठितं च श्री सागरगच्छे श्री शांतिसागर .........

३. संवत .........तत्पुत्र प्रेमचंद तत्पूत्र .........स्वश्रेयार्थे श्री संभवनाथबिंबं कारापितं प्रतिष्ठितं च .........

४. संवत १९०३ शाके.........शुक्रवासरे श्री अमदावादवास्तव्य श्रीमालीज्ञातीय श्री .........प्रेमचंद तत्पुत् सा. कर्मचंद .........श्री अभिनंदनबिंबं कारापितं प्रतिष्ठितं ।

५. संवत १९०३ शाके १७६८ प्रवर्तमाने ......... तत्पूत्र प्रेमचंद तत्पूत्र करमचंद ......... श्री सुमतिनाथबिंबं कारापितं प्रतिष्ठितं ।

**વચ્ચે અન્ય પ્રભુજીની પ્રતિમાજી ઉપર લેખ ઘસાઈ ગયેલ છે.**

**(૬) શ્રી મહાવીર સ્વામી પ્રતિમાજી ઉપર લેખ :-**

છેક ઉપર લેખમાં 'श्री धरणेन्द्र सूरिभिः तपागच्छे ॥' વંચાય છે.

संवत १८९३ वर्षे ......... शुक्रवासरे ......... तत्पुत्री जेकोरबाई स्वश्रेयार्थं श्री महावीरबिंबं कारापितं प्रतिष्ठितं तपागच्छे ......... पं श्री हरख (धरण) विजयगणि शिष्य पं. रुपविजयगणी प्रतिष्ठितं कारापितं ।

**(૭) નવપદજી યંત્રનો લેખ :-**

(१) संवत १८८९ना वर्षे श्रावण मासे शुक्लपक्षे अष्टमीदिवसे श्रीमालीज्ञातिय लघु शाखायां ॥ माघे सा. करमचंद प्रेमचंद सिद्धचक्र प्रतिष्ठा कारापीतं.

(२) संवत १९०७ना माह शुक्ल वार सोमे श्रीमालीज्ञातिय पु.शा.प्रेमचंद दामोदार तत्पुत्र शा. करमचंद श्रेयार्थे सिद्धचक्र कारापिते श्री तपागच्छे श्री सौभाग्यविजेजी ॥

**ભાગ - ૩ : શ્રી નંદીશ્વર દ્વીપની રચનાવાળું જિનાલય**

આ જિનાલયને આપણે 'દેવનું દેવાલય'ની ઉપમા આપીએ કારણ કે શ્રી ઈન્દ્રમહારાજા અને તેમનો સકળ દેવ પરિવાર જ નંદીશ્વરદ્વીપનાં દર્શન, પૂજન, ભક્તિ કરી પાવન થાય છે. આપણે તો શ્રી નંદીશ્વરદ્વીપનાં શાસ્ત્રોક્ત વર્ણન પ્રમાણે શાસ્ત્રોક્ત શિલ્પવિધાનથી પ્રતિકૃતિરૂપે બનેલા નંદીશ્વરદ્વીપનાં જિનાલયની પૂજા, ભક્તિ અને દર્શન કરીને આપણા આત્માને ઉર્ધ્વગામી બનાવીને એ કક્ષાએ પહોંચાડવાનો છે કે ભવભ્રમણમાં આપણે પણ સાક્ષાત્ આ દ્વીપનાં 'દેવના દેવાલય'ની અપૂર્વ ભક્તિ કરી શકીએ.

**શ્રી નંદીશ્વરદ્વીપની શાસ્ત્રોક્ત રચનાનું ધાર્મિક સ્વરૂપ :-** શ્રી નંદીશ્વરદ્વીપનો મહિમા દર્શાવતા શાસ્ત્રોક્ત વર્ણન પ્રમાણે જંબુદ્વીપથી આઠમા ક્રમે નંદીશ્વરદ્વીપ આવેલો છે. ત્રણેય ચોવીશીનાં તીર્થંકર પરમાત્માનાં પાંચેય કલ્યાણક અને શાશ્વત પર્વના દિવસોએ શ્રી ઈન્દ્રમહારાજા તેમનાં સકલ દેવપરિવાર સાથે નંદીશ્વરદ્વીપ જઈને અઠ્ઠાઈ મહોત્સવપૂર્વક તે તે કલ્યાણકો અને પર્વની ઉજવણી કરીને તેમના દેવભવની સાર્થકતા પ્રાપ્ત કરી પાવન થાય છે. તેનું વર્ણન જૈન પદ્યસાહિત્યમાં કલ્યાણકની પૂજાઓમાં જોવા મળે છે. શ્રી ધર્મચંદ્રજીકૃત શ્રી નંદીશ્વરદ્વીપની પૂજામાં નંદીશ્વરદ્વીપના જિનાલયનું સુંદર કાવ્યાત્મક વર્ણન છે.

'સહુ પ્રભુને કલ્યાણકે, ચલિતાસન હરિ હોય,
આવી ઉત્સવ કરી જાય, નંદિશ્વર સોય.
બત્રીશ કોડી હીરણ વરસાવી, જઈ નંદીશ્વરઠામ,
અઠ્ઠાઈ મહોત્સવ કરી સઘળા ઈન્દ્ર ગયા નિજ ધામ,

પૂરણ હર્ષ કરેવા કારણ દ્વીપ નંદીશ્વર જાવે,
કરીય અટ્ઠાઈ ઉત્સવ દેવા, નિજ નિજ કલ્પ સધાવે.

નંદીશ્વરદ્વીપમાં બાવન કૂટપર્વતો છે. પ્રત્યેક કૂટ ઉપર ચાર મુખના ચાર દ્વારવાળા ચૈત્ય છે, ચારે દિશામાં શ્યામ વર્ણનાં ચાર અંજનગિરિ આવેલા છે જે શ્યામ આરસથી બનેલા છે. અંજનગિરિના ચારે દિશાએ ચાર દધિમુખ પર્વત ૪ $x$ ૪ = ૧૬ આવેલા છે જે શ્વેત આરસના બનેલા છે. પ્રત્યેક દિશામાં બે બે રતિકર પર્વતો આવેલા છે. રતિકર પર્વત લાલ આરસના બનેલા છે. દરેક પર્વતની વચ્ચે શિખર ઉપર ચાર બાજુ ચાર શાશ્વતા જિનની ચૌમુખ રચના કરવામાં આવેલી છે અર્થાત્ શાશ્વતા ચાર જિન શ્રી ઋષભ, શ્રી ચંદ્રાનન, શ્રી વારિષેણ, શ્રી વર્ધમાન જિનની સ્થાપના કરવામાં આવેલી છે.

નંદીશ્વરદ્વીપમાં આઠ રતિકર પર્વત, ચાર દધિમુખપર્વત, મધ્યના અંજનગિરિ પર્વત એમ કુલ ૧૩ પર્વતો છે. ચાર દિશાના કુલ ૧૩ $x$ ૪ = ૫૨ એમ કુલ બાવન કૂટ થાય છે. પ્રત્યેક કૂટ ઉપર ચાર દ્વારથી શોભતું એકેક ચૈત્ય છે. તે બધાના કુલ મળીને ૨૦૮ જિનબિંબ અને મધ્યના મેરૂના ચાર બિંબ ગણતાં કુલ ૨૧૨ બિંબની સ્થાપના થાય છે. ચાર દિશાના તેર પર્વતોના સમૂહ વચ્ચે મેરૂપર્વત આવેલો છે.

પ્રસ્તુત જિનાલયમાં શ્વેત, રક્ત અને શ્યામ આરસનાં પર્વતાકાર ઉપર પ્રતિષ્ઠિત જિનબિંબથી યુક્ત ગિરિચૈત્યને ફરતે ૧૦૮ મુખમંડપો અને પ્રેક્ષામંડપોની વિશાળ ભવ્ય રચનાથી નંદીશ્વરદ્વીપ શોભે છે. તોરણો અને તેના ટોડલે અનેક વાદ્યો સાથે વિવિધ અંગમરોડ મુદ્રામાં ઊભેલા અપ્સરાઓના નારીશિલ્પોથી યુક્ત ફરતી રચનાથી નંદીશ્વરદ્વીપનું જિનાલય ભવ્ય લાગે છે. અમદાવાદમાં નંદીશ્વરદ્વીપની વિરલ રચનાવાળું આ એક જ જિનાલય છે. નંદીશ્વરદ્વીપની રચનાને ફરતે ભમતી છે. તેના પ્રવેશદ્વારે દિવાલ ઉપર વર્તમાન ચોવીસીના ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીના અગિયાર ગણધરનો

પાદુકાલેખ છે તથા ભમતીમાં નાની દેવકુલિકામાં નાના જિનપ્રતિમા બિરાજમાન છે. નંદીશ્વરદ્વીપ જિનાલયની સ્થાપના અને પ્રતિષ્ઠાને લગતો પ્રશસ્તિ લેખ છે.

**નંદીશ્વરદ્વીપની રચનાને ફરતે દિવાલ પર પ્રશસ્તિ લેખ :**

॥ भले मींडुं ॥ संवत १९३२ना वर्षे फाल्गुन सुद बीज वाररवे शाके १७९७, ता.२७, फेब्रु. सने १८७६ अंग्रेजी दीने अमदावाद राजनगर वास्तव्याम् ज्ञाते दशाश्रीमाली शेठ प्रेमचंद्र तत्पुत्र करमचंद तत्भार्या जोईताबाई तत्पुत्र शेठ मगनभाई तत्पुत्र शेठ साराभाई ए श्री दोशीवाडानी पोळ मध्ये श्री अष्टापदजीना देरासर लगतुं श्री नंदीश्वरद्वीपनुं देरासर नवुं बनाव्युं. ते मध्ये नीचे मेरुपर्वतनी चार दिशाए ५२ चौमुख शाश्वत जिनबिंबं ते पूर्वदिशा सन्मुख श्री ऋषभानन, ते पश्चिम सन्मुख श्री चंद्रानन, ते उत्तर सन्मुख श्री वारिषेणजी, ते दक्षिण सन्मुख श्री वर्धमान स्वामि ए रीते मेरु उपर ५२ चौमुखनी प्रतिष्ठा करी पधराव्या. ते नवपद उद्यापन अठ्ठाई महोत्सव कर्युं. ते उत्तर दिशाए बेन जेकोरे समवसरण कर्युं. तेना सन्मुख शाह त्रिकमदासे रायणवृक्ष तळे श्री आदिनाथजीनी पादुका स्थापी. ते उपर देरी करावी तथा दक्षिण दिशाए इग्यार गणधरपादुका स्थापन कर्या. तपागच्छे विजयधरणेन्द्रसूरि राज्ये पंडित रतनविजयजी.

शिल्प सोमपरा चंद्रवंशी पेल्हादजी अमीराम.

ली. वालगरजी हस्तक मूलजी श. ..........

॥ श्री ॥ ॥ श्री ॥ ॥ श्री ॥

**નંદીશ્વરદ્વીપની પ્રદક્ષિણાપથની બાજુમાં દિવાલ ઉપર વર્તમાન ચોવીસીના ચરમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામીના ૧૧ ગણધર પાદુકાનો લેખ :-**

संवत १९३३ना फागण सुदि ३ शुक्ले शाके १७१८ श्री राजनग्रे वास्तव्यं ज्ञाति दशाश्रीमाली सा. नथुसा तत्भार्या वखत तत्पूत्र श्री कर्मदासे श्री महावीरशिष्य श्री इंद्रभूति आदि एकादश गणधर पादुका स्थापितं श्री तपागच्छे श्री

विजयधरणेन्द्रसूरि राज्ये प्रतिष्ठितं । पं. रत्नविजयजी ।
(५) श्री सुधर्मास्वामी (६) श्री मंडितपुत्रजी (७) श्री मौर्यपुत्रजी (८) श्री अंकपितजी (४) श्री व्यक्तस्वामी (१) श्री गौतमइंद्रभूति (९) श्री अचलभ्राताजी (३) श्री वायुभूति (२) श्री अग्निभूति (११) श्री प्रभासजी (१०) श्री मेतारजजी

એક નાના ગોખલામાં ઊભેલા શ્રાવકની મૂર્તિ પ્રતિષ્ઠિત છે જેના ઉપર 'तत्पुत्र शा. करमचंद' વંચાય છે.

**નંદીશ્વરદ્વીપના ગર્ભગૃહના પ્રતિમા લેખ :**

નંદીશ્વરદ્વીપની રચનામાં મધ્યમાં મેરૂની પ્રતિકૃતિ છે. મેરૂની ચાર દિશામાં ચાર શાશ્વતા પ્રભુજીની પ્રતિમાજી છે. જે ચારે ઉપર લેખ આ પ્રમાણે છે :

(१) संवत १९२१ शाके १७८६ माहा सुदि ७ श्रीमाली लघु शा. शेठ करमचंद भार्या जोईताबाई सुत शेठ मगनभाई स्वश्रेयार्थ श्री 'ऋषभ शाश्वतजिनबिंबं कारापितं तपागच्छे भट्टारक श्री विजयधरणेंद्रसुरी राज्ये प्रतिष्ठितं ॥

(२) संवत १९२१ शाके १७८६ माहा सुदि ७ श्रीमाली लघु शा. शेठ करमचंद भार्या जोईताबाई सुत शेठ मगनभाई स्वश्रेयार्थ श्री चंद्रानन शाश्वतजिनबिंबं कारापितं तपागच्छे भट्टारक श्री विजयधरणेंद्रसुरी राज्ये प्रतिष्ठितं ॥

(३) संवत १९२१ शाके १७८६ माहा सुदि ७ श्रीमाली लघु शा. शेठ करमचंद भार्या जोईताबाई सुत शेठ मगनभाई स्वश्रेयार्थ श्री वारिषेण शाश्वतजिनबिंबं कारापितं तपगाच्छे भट्टारक श्री विजयधरणेंद्रसुरी राज्ये प्रतिष्ठितं ॥

(४) संवत १९२१ शाके १७८६ माहा सुदि ७ श्रीमाली लघु शा. शेठ करमचंद भार्या जोईताबाई सुत शेठ मगनभाई स्वश्रेयार्थ श्री वर्धमान शाश्वतजिनबिंबं कारापितं तपगाच्छे भट्टारक श्री विजयधरणेंद्रसुरी राज्ये प्रतिष्ठितं ॥

અહીં અન્ય પણ પ્રતિમાજીઓ ઉપર લેખ છે જે સંપૂર્ણ વંચાતા નથી. લેખ ઘસાઈ ગયેલ છે છતાં જ્યાં ક્યાંક લખાણ દેખાય છે ત્યાં ઉપર મુજબના જ લખાણના કેટલાક શબ્દો દેખાય છે.

**ભાગ-૪ : સમવસરણ મંદિર**

શ્રી તીર્થંકર પરમાત્માને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય ત્યારે તેમના પુણ્યપ્રતાપથી ચોત્રીસ અતિશય પ્રગટ થાય છે જ્યાં દેવકૃત અગિયાર અતિશય હોય છે. દેવકૃત આઠમો અતિશય ચતુર્મુખાંગતા છે.

શ્રી તીર્થંકર પરમાત્માને બિરાજમાન થવા માટે દેવો ત્રણ ગઢયુક્ત વિશિષ્ટ રત્નમય સિંહાસન અને 'વ્યાખ્યાનપીઠ'ની રચના કરે છે જેનાં ઉપર બિરાજમાન થઈને શ્રી તીર્થંકર પરમાત્મા જગતનાં સર્વ જીવોના કલ્યાણ માટે ધર્મોપદેશ આપે છે. તે રચનાને સમવસરણ કહેવાય છે. અહીં નોંધવું જરૂરી છે કે સમવસરણમાં પૂર્વ દિશા સન્મુખ પરમાત્મા સ્વયં બિરાજે છે અને અન્ય ત્રણ દિશામાં દેવો તેમના પ્રતિરૂપ વિકસાવે છે જેથી સમવસરણની ચારે દિશામાંથી દરેક જીવોને પ્રભુનાં સન્મુખ દર્શન થાય છે.

શ્રી કલ્પસૂત્ર અને ત્રિષષ્ઠિશાલાકાપુરુષચરિત્ર તથા અન્ય ગ્રંથોમાં આ સમવસરણનું સુંદર વર્ણન વાંચવા મળે છે. પરમાત્માના ચૌમુખી પ્રતિકૃતિરૂપ અતિશય માટે શ્રી હેમચંદ્રાચાર્ય ''શ્રી વીતરાગ સ્તવ'' માં પ્રકાશ-૪ના શ્લોક-૪માં દેવકૃત અતિશયનું વર્ણન કરતા લખે છે કે -

**શ્લોક** - ''दानशीलतपोभाव-भेदाद्धर्म चतुर्विधम् ।
मन्ये युगपदाख्यातुं चतुर्वक्त्रोभवद् भवान् ॥४॥

શ્લોકાર્થ :- દાન, શીલ, તપ અને ભાવના ભેદથી ચાર પ્રકારના ધર્મને એકી સાથે કહેવા માટે જ જાણે આ ચાર મુખવાળા થયા છો, એમ હું માનું છું ॥૪॥''

સમવસરણના મંદિરસ્થાપત્યનું શિલ્પવિધાન આરસ અથવા પંચધાતુના ગઢરૂપે ચોરસ કે ગોળ આકારમાં વિવિધ સ્વરૂપે જોવા મળે છે. સ્થાપત્ય સ્વરૂપે સમવસરણની રચનામાં ત્રણ ગઢો નીચેથી ઉપર મોટા, નાના, નાનુ ઉતરતાક્રમે બનાવી તેના ઉપર પરમાત્માનાં બિંબની સ્થાપના કરવા નાની દેરી બનાવવામાં આવે છે. વચ્ચે અશોકવૃક્ષની પ્રતિકૃતિ બનાવીને ચારે દિશામાં એક એક

જિનબિંબ બિરાજમાન કરવામાં આવે છે. પ્રતિમાવિધાનમાં તેને ચૌમુખી પ્રતિમા કહેવાય છે. સમવસરણ જિનાલયમાં ચૌમુખી પ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં આવે છે.

આ શાસ્ત્રોક્ત રચના પ્રમાણે જ પ્રસ્તુતમાં શિખરયુક્ત સમવસરણ જિનાલયની રચના છે. આ જિનાલયમાં એક ગોખલામાં બે શ્રાવિકાની મૂર્તિ છે. સમવસરણની બહાર ગોખલામાં જિનબિંબ બિરાજમાન છે.

સમવસરણમંદિરનાં પ્રતિમાલેખ આ પ્રમાણે છે.

**ગભારામાં :-**

**૧. મધ્યમાં આરસના નાના ચાર પ્રતિમા પ્રતિષ્ઠિત છે જેના ઉપર સંવત ૧૯૩૦નો લેખ છે.**

**૨. એક ગોખલામાં ત્રણ પ્રતિમાના લેખ :-**

(१) संवत १९३०ना वैशाक सुद ३

(२) संवत १९३०ना वैशाक सुद ३ श्री विमलनाथ

(३) संवत १९३०

**૩. અન્ય એક ગોખલામાં એક પ્રતિમાનો લેખ :-**

संवत १९३०ना वैशाक सुद ३ रवीवार चंद्रप्रभु कारापितं.....पुत्री जेकुंअर

**૪. અન્ય એક ગોખલામાં બે શ્રાવિકાની પ્રતિમાનો લેખ :-**

बहेन जयकुंअरि तत्पुत्री बहेन पुतली

संवत १९३२ना वर्षे कागुण सुदि २ रविवारे श्री समोसरणप्रासादे मूर्ती प्रभुभगतीमां स्थापितं ॥

**બહાર દિવાલમાં એક ગોખલામાં બે આરસની પ્રતિમાના લેખ :-**

१. संवत १९२१ना माघ सुद ७ गुरौ ......... स्वश्रेयार्थ श्री शांतिनाथजिन ...

२. संवत १९२१ना ..........

## ભાગ - ૫ : રાયણ પગલા દેરી

આ જિનાલયના વિશાળ ચોકમાં રાયણ પગલાની સ્થાપના છે. શ્રી શત્રુંજયતીર્થ ઉપર શ્રી આદિનાથ ભગવાન ૯૯ પૂર્વ વાર પધાર્યા હતા અને રાયણવૃક્ષ નીચે ધર્મદેશના આપી હતી. આ પ્રસંગની પ્રતિકૃતિરૂપે શ્રી આદિનાથ જિનાલયમાં પ્રાયઃ શ્રી રાયણ પગલાની સ્થાપના કરવાની પરંપરા છે. આ જિનાલયના રાયણ પગલાંનો લેખ આ પ્રમાણે છે.

**(૧) રાયણ પગલાંનો લેખ :-**

संवत् १९३२ वर्षे शाके १७९८ श्रावण सुदि १५ शनिवासरे सेठ मगनभाइ कृत्प्रसादे श्री राजनगरवास्तव्य पोरवालिज्ञातीय लघुशाखायां सा. विक्रमदास तत्पुत्र परसोत्तमदास तत्भार्या बाइआधार तत्पुत्र बेनगजरी तथा बेनजासुद तेमणे श्री आदिनाथस्वामिपादुका करापितं प्रतिष्ठितं तपागच्छे श्री विजयधरणेंद्रसूरिराज्ये पं.श्री रत्नविजयगणि ।

**પ્રતિમાલેખ અને પ્રતિષ્ઠાલેખ ઉપરથી પ્રાપ્ત થતી વિગતો :-**

મુખ્ય અષ્ટાપદ જિનાલયના ચોવીસ જિનપ્રતિમાજી ઉપર જે લેખ છે તે પ્રાયઃ કોઈ લેખ સંપૂર્ણ નથી તેથી વિશેષ કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી પરંતુ જિનાલયની રચનાનો પ્રતિષ્ઠાલેખ મુખ્ય પ્રવેશદ્વારની ઉપર જોવા મળે છે પ્રતિષ્ઠા લેખ પરથી પ્રાપ્ત થતી માહિતી આ પ્રમાણે છે.

(૧) પ્રતિષ્ઠાનો સમય : વિ.સં.૧૯૧૨ વૈશાખ સુદ ૩, બુધવાર, અંગ્રેજી વર્ષ ૧૮૫૬ તા.૦૭.૦૫.૧૮૫૬

અહીં ‘કંપની બહાદુર રાજ્યે વિજ્ઞાતે’ શબ્દનો પ્રયોગ થયો છે તે એ સૂચવે છે કે તે સમયે ગુજરાત રાજ્યમાં બ્રિટીશ સરકારનું શાસન પ્રવર્તમાન હતું.

(૨) પ્રતિષ્ઠાનું સ્થળ : શ્રી રાજનગર, શ્રી અમદાવાદ

(૩) પ્રતિષ્ઠા કરનાર શ્રાવક : દશાશ્રીમાલી શ્રાવક શા. પ્રેમચંદના પુત્ર કરમચંદ, તેમની પત્ની જોઈતાબાઈ, તેની કુક્ષીમાં જન્મ પામેલા પુત્ર મગનભાઈએ પ્રતિષ્ઠા કરાવી.

અહીં મગનભાઈને ‘રાયબહાદુર’ વિશેષણનો પ્રયોગ થયો છે. બ્રિટીશ શાસનકાળ દરમિયાન શ્રેષ્ઠી મગનભાઈને અંગ્રેજ હકુમત દ્વારા ‘રાયબહાદુર’ એવો વિશિષ્ટ ઈલ્કાબ આપવામાં આવ્યો હતો જે જૈન સમાજનું ગૌરવ છે.

(૪) પ્રતિષ્ઠાચાર્યના ગુરુપરંપરાના નામ : તપાગચ્છમાં શ્રી વિજય દેવચંદ્રસૂરિપટ્ટમાં પંન્યાસ શ્રી રૂપવિજયજી મ.સા., શ્રી સૌભાગ્યવિજયજી મ. દ્વારા પ્રતિષ્ઠા કરાવાઈ.

નંદીશ્વરદ્વીપની રચનાના મુખ્ય ચાર શાશ્વતજિનની પ્રતિમાજી ઉપર સમાન જ લેખ છે અને તે લેખ પરથી નીચેની માહિતી પ્રાપ્ત થાય છે.

(૧) પ્રતિષ્ઠાનો સમય : વિ.સં.૧૯૨૧, શાકે ૧૭૮૬ મહા સુદ-૭

(૨) પ્રતિષ્ઠાનું સ્થળ : સ્થળનો ઉલ્લેખ નથી.

(૩) પ્રતિષ્ઠા કરાવનાર શ્રાવક : શ્રીમાળી લઘુશાખીય શ્રાવક શેઠશ્રી કરમચંદની પત્ની જોઈતાબાઈના પુત્ર શેઠ શ્રી મગનભાઈએ સ્વશ્રેયાર્થે પ્રતિષ્ઠા કરાવી.

(૪) પ્રતિષ્ઠાચાર્યના ગુરૂપરંપરાની નામાવલી : તપાગચ્છમાં ભટ્ટારકશ્રી વિજયધરણેંદ્રસૂરિ વડે પ્રતિષ્ઠા કરાવાઈ.

અહીં નંદીશ્વરદ્વીપને ફરતે પ્રદક્ષિણા આપવા માટેના નાના કેડી સમાન માર્ગની દિવાલ ઉપર વિશાળ પ્રતિષ્ઠાલેખ જોવા મળે છે. તે લેખ ગુજરાતી ભાષામાં સંપૂર્ણ શુદ્ધ વાંચી શકાય છે. તેથી તેના પરથી પ્રાપ્ત થતી વિશેષ માહિતી અહીં રજૂ કરતા નથી. જો કે જિનાલયના શિલ્પ સોમપરા અને લેખના લખનારના નામ પણ અહીં લેખમાં લેખલા છે તે આ લેખની વિશેષ બાબત છે.

અગિયાર ગણધર પાદુકાના લેખ પણ સ્પષ્ટ અને સંપૂર્ણ છે. અહીં બાજુમાં નાના ગર્ભગૃહમાં સમવસરણની રચના છે. ત્યાં એક ગોખલામાં બે શ્રાવિકાની ઊભી મૂર્તિ બિરાજમાન છે અને તેનો લેખ વાંચતા જાણવા મળે છે કે તે માતા અને પુત્રીએ આ સમવસરણની પ્રતિષ્ઠા કરાવી છે. શેઠશ્રી મગનભાઈની દીકરી જયકુંવર ઉર્ફે જેકોરબાઈ અને તેની પુત્રી પુતલીબેને પ્રભુભક્તિ અર્થે સમવસરણની પ્રતિષ્ઠા કરાવી છે.

રાયણ પગલાં પરના લેખ પરથી પ્રાપ્ત થતી માહિતી આ પ્રમાણે છે :

(૧) પ્રતિષ્ઠાનો સમય : વિ.સં.૧૯૩૨ શક સંવત ૧૭૯૮, શ્રાવણ સુદ ૧૫ને શનિવાર

(૨) પ્રતિષ્ઠાનું સ્થળ : રાજનગર સ્થિત શેઠ મગનભાઈ વડે કરાવાયેલા ચૈત્યમાં

(૩) પ્રતિષ્ઠા કરાવનાર શ્રાવક : પોરવાલજ્ઞાતીય લઘુશાખાના શાહ શ્રી વિક્રમદાસ, તેના પુત્ર પરસોત્તમદાસ, તેની પત્ની બાઈઆધાર, તેની પુત્રી બેનગજરી અને બેનજાસુદ તેમણે પ્રતિષ્ઠા કરાવી.

(૪) પ્રતિષ્ઠાચાર્યના ગુરૂપરંપરાની નામાવલી : તપાગચ્છમાં શ્રી વિજયધરણેંદ્રસૂરિના શિષ્ય પં.શ્રી રત્નવિજયગણિ વડે પ્રતિષ્ઠા કરાવાઈ.

**આ જિનાલયના પ્રતિમાલેખમાં સંવતની યાદી**

| | | | |
|---|---|---|---|
| ૧. | અષ્ટાપદનું જિનાલય | સંવત્ ૧૯૧૨ | ઈ.સ.૧૮૫૬ |
| ૨. | નંદીશ્વરદ્વીપ જિનાલય | સંવત્ ૧૯૨૧ | ઈ.સ. ૧૮૬૫ |
| ૩. | સમવસરણ જિનાલય | સંવત્ ૧૯૩૧ | ઈ.સ. ૧૮૭૫ |
| ૪. | રાયણપગલાની દેરી | સંવત્ ૧૯૩૨ | ઈ.સ. ૧૮૭૬ |
| ૫. | શ્રી હીરવિજયજી મ.સા.ની પ્રતિમા | સંવત ૧૯૩૨ | ઈ.સ. ૧૮૭૬ |

ઉપર્યુક્ત યાદી પ્રમાણે કહી શકાય કે સમગ્ર જિનાલયસંકુલ ત્રણ તબક્કામાં નિર્માણ પામ્યું છે. ચોકમાં દિવાલ ઉપર રહેલા કાષ્ટશિલ્પના અવશેષોથી અનુમાન કરી શકાય કે શ્રી અષ્ટાપદ જિનાલય કાષ્ટનું બનાવ્યું હશે. સમયાંતરે આ જિનાલયમાં આરસ અને રેતિયા પત્થરની સંયુક્ત કારીગરીની નવીન રચનાઓ થઈ હશે. 'ગુજરાતનાં સાંસ્કૃતિક ઈતિહાસ' પુસ્તકનાં બ્રિટિશકાલિન ભાગ - ૭માં પ્રો.થોમસ પરમાર લખે છે કે 'અમદાવાદમાં બ્રિટિશ હુકુમત સમયમાં સૌપ્રથમ ઈ.સ.૧૮૪૮માં હઠિસિંહ શેઠનું જૈનમંદિર અને ઝવેરીવાડમાં શ્રી મહાવીરસ્વામીનું દેરાસર ઈ.સ.૧૮૪૯માં શેઠશ્રી પ્રેમાભાઈ હેમાભાઈએ બંધાવ્યું. દોશીવાડાની પોળમાં

આવેલું શ્રી અષ્ટાપદનું મંદિર શેઠશ્રી મગનભાઈ કરમચંદે ઈ.સ.૧૮૫૬માં બંધાવ્યું. ઝવેરીવાડમાં આવેલા ભગવાન શ્રી આદિનાથના મંદિરનો જીર્ણોદ્ધાર શેઠશ્રી લલ્લુભાઈ પાનાચંદે ઈ.સ.૧૮૫૯માં કરાવ્યો હતો. ચૌમુખીની પોળમાં ચૌમુખજીનું મંદિર ઈ.સ.૧૮૬૬માં મગનલાલ હકમચંદે બંધાવેલું. ફતાશાની પોળમાં આવેલ શ્રી મહાવીર સ્વામીનાં મંદિરનું પુનઃ નિર્માણ આ જ સમયે શેઠ ઉમાભાઈ રૂપચંદે કરાવ્યું.'

અમદાવાદમાં બ્રિટિશસામ્રાજ્યમાં શાસન દરમ્યાન પ્રવર્તતા સલામતીના વાતાવરણમાં આઝાદીની લડતના પ્રારંભકાળના સમયે જૈનસંઘની આન, બાન અને શાનનાં શાનદાર પ્રતિક સમા ઉપર્યુક્ત જિનાલયની રચના તે સમયની જૈનધર્મની એકતા અને જાહોજલાલી તેમજ રાજ્યશાસન તરફની તેમની નિષ્ઠાથી પ્રાપ્ત કરેલી યશસ્વી કારકીર્દીની ધરોહર છે.

(''અમદાવાદનાં ઝવેરીવાડનાં જિનાલયો'' પુસ્તકમાંથી સાભાર)

## વૈયાવચ્ચ ઉપકરણોનો લાભ

૧ ફેબ્રુઆરી ૨૦૨૫૪ થી ૩૧ મે ૨૦૨૫ સુધી પેઢી સંચાલિત પૂજ્ય સાધુ સાધ્વીજી વૈયાવચ્ચ કેન્દ્ર ખાતે ૫૪ પૂજ્ય સાધુ ભગવંતો અને ૪૩૦ સાધ્વીજી મહારાજના પગલા થયા હતા. તેમની સંયમ યાત્રામાં ઉપયોગી બને એ હેતુથી જ્ઞાન-દર્શન-ચારિત્ર અને સેવા-સુશ્રૂષાના ઉપકરણો વહોરાવવાનો લાભ પેઢીને મળ્યો હતો.

કુલે ૧૧ લાખ ૯૨ હજાર રુપિયાની વસ્તુઓ વહોરાવવાનો લાભ મળ્યો હતો.

**ગિરનાર તળેટી - જૂનાગઢ ખાતે સ્થિત સાધુ-સાધ્વીજી વૈયાવચ્ચ કેન્દ્રમાં ૪૩ પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો પધાર્યા હતા અને તેમને ૭૬,૦૦૦- રૂપિયાની વસ્તુઓ વહોરાવવાનો લાભ પ્રાપ્ત થયો હતો.**

## શત્રુંજય-મંડન શ્રી આદિનાથ પ્રભુની પ્રતિષ્ઠા-તિથિઃ શંકા અને સમાધાન

(પૂ.આચાર્યશ્રી વિજય નંદિઘોષસૂરિજી મ.)

'શ્રી શત્રુંજયતીર્થોદ્ધાર પ્રબંધ' માં પ્રબન્ધકર્તાએ, શત્રુંજયતીર્થાધિપતિ શ્રી આદિનાથ પ્રભુની પ્રતિષ્ઠાની તિથિ વૈશાખ વદ-૬, વિ.સં. ૧૫૮૭નોંધી છે, જ્યારે તે જ પ્રતના અંતે આ પ્રમાણે લખાણ મળે છે.

'સં.૧૫૮૭, ચૈત્ર વદિ ૬, રવૌ શ્રવણનક્ષત્રે દો. કારમાકારિતઃ શત્રુંજયોદ્ધારઃ ઉપાધ્યાય શ્રી વિનયમંડન સાહાય્યાત્ ભટ્ટારક શ્રીવિદ્યામંડનસૂરિભિઃપ્રતિષ્ઠિતા મૂલનાયકપ્રતિમા ઈતિ'

આમ એક જ પ્રતમાં પ્રતિષ્ઠાની તિથિ માટે વૈશાખ વદ-૬ અને ચૈત્ર વદ-૬, એવા બે ઉલ્લેખો મળે ત્યારે સ્વાભાવિક રીતે શંકા થાય કે પ્રતિષ્ઠાની સાચી તિથિ કઈ? શ્રી જયંતભાઈ કોઠારી એક સમાધાન એ આપે છે કે ગુજરાતની ચૈત્ર વદ-૬, એ મારવાડી વૈશાખ વદ-૬ ગણાય છે, મતલબ કે પ્રબન્ધમાં જણાવેલ વૈશાખ વદ-૬, એ મારવાડી તિથિ માની લઈએ તો ગુજરાતી ચૈત્ર વદ-૬, આવે. શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ'માં નોંધે છે કે 'કર્માસાહે... સં.૧૫૮૭ના વૈશાખ વદિ (ગુજરાતની ગણનાએ ચૈત્ર વદિ) ૬, રવિવારના દિને ધર્મરત્નસૂરિ શિષ્યપટ્ટધર વિદ્યામંડનસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી. આ રીતે શ્રી શત્રુંજયની ખંડિત પ્રતિમાનો ઉદ્ધાર કર્માસાહે કર્યો અને તેની પ્રશસ્તિ ઉક્ત સૂરિના શિષ્ય શ્રી વિવેકધીરે બનાવી, તે ઉપરાંત તેમને તે સંબંધી 'શ્રી શત્રુંજયતીર્થોદ્ધાર પ્રબંધ' સંસ્કૃતમાં રચ્યો' શ્રી મો.દ.દેસાઈએ, આ જ પુસ્તકની પ્રસ્તાવનામાં શ્રી શત્રુંજય ઉપરના શ્રી આદિનાથ જિનાલયનો પરિચય આપતાં પ્રતિષ્ઠાની તિથિ, 'સં.૧૫૮૭ના ચૈત્ર વદ-૬, રવિવાર' સ્પષ્ટરૂપે નોંધી છે.

આ વાતને માન્ય રાખીએ તો પ્રતિષ્ઠાની સાલગિરિ અત્યારે જે ગુજરાતી વૈશાખ વદ-૬ના ઊજવવામાં આવે છે, તેને એક માસ વહેલી

ઊજવવી પડે પરંતુ આ વાત યોગ્ય જણાતી નથી કારણ કે ગુજરાતમાં ગુજરાતી તિથિ પ્રમાણે જ સૈકાઓથી ધાર્મિક કાર્યો થતાં આવ્યાં છે અને હજુ એ પ્રમાણે જ ધાર્મિક પ્રતિષ્ઠા આદિના લેખોમાં ઉલ્લેખ થાય છે અને મારવાડમાં હજુ પણ મારવાડી તિથિ પ્રમાણે જ ધાર્મિક કાર્યોનો પ્રતિષ્ઠા આદિમાં ઉલ્લેખ થાય છે માટે અહીં આપેલ વૈશાખ વદિ - ૬ના ગુજરાતી તિથિ હોવાનો પૂરેપૂરો સંભવ છે.

પ્રબન્ધના અંતે શ્રી આદિનાથ પ્રભુની પ્રતિષ્ઠા સમયની લગ્ન કુંડળી પણ આપવામાં આવી છે. (તે ઉપર બતાવી છે.) પ્રસ્તુત કુંડળીમાં સૂર્યને વૃષભરાશિમાં બતાવવામાં આવ્યો છે. તેના આધારે પ્રતિષ્ઠા માસ નક્કી કરી શકાય છે અલબત, ઉપર આપેલ કુંડળીમાં ચંદ્ર તથા કેતુ બતાવેલ નથી. આમ છતાં બંનેના સ્થાન નક્કી કરી શકાય એમ છે. પ્રબંધકર્તાએ વૈશાખ વદ-૬, રવિવાર અને શ્રવણ નક્ષત્ર બતાવ્યું છે અને આ રીતે બતાવેલ નક્ષત્ર હંમેશાં ચંદ્રનું જ હોય છે. તે ઉપરથી ચંદ્ર મકર રાશિનો સાતમા સ્થાનમાં આવે છે અને કેતુ હંમેશાં રાહુની સામે જ હોય છે, તેથી તે મીન રાશિમાં શુક્રની સાથે નવમા સ્થાનમાં આવે છે. આ રીતે બંને ગ્રહો મૂકતાં નવગ્રહથી યુક્ત સંપૂર્ણ કુંડળી બને છે. આ કુંડળીના આધારે પ્રતીષ્ઠાની તિથિ, તારીખ અને સમય નક્કી કરવામાં ઘણી સુગમતા છે. આધુનિક ગણકયંત્ર દ્વારા ગણતરી કરતાં પ્રતિષ્ઠાનો સમય નક્કી કરવામાં ઘણી સુગમતા છે. આધુનિક ગણકયંત્ર દ્વારા ગણતરી કરતાં પ્રતિષ્ઠાનો સમય શાકે ૧૪૫૩, વિ.સં.૧૫૮૭ (ગુજરાતી) વૈશાખ વદિ -૬, રવિવાર તા.૧૭.૦૫.૧૫૩૧, સવારના લગભગ ક.૯-૪૯ મિ. થી ક. ૧૦-૩૦ મિ. સુધીનો આવી શકે છે.

સામાન્ય રીતે અંગ્રેજી મહિનાની તારીખ અનુસાર સૂર્યના અંશો લગભગ દર વર્ષે તેના તે જ આવે છે, એવી આપણી માન્યતા છે. પરંતુ પૃથ્વીની અયન ગતિના કારણે ઘણાં લાંબા સમયના ગાળે તેમાં ફેરફાર થાય છે. અત્યારે તા.૧૭.૦૫.૧૯૯૪ના સૂર્ય વૃષભ રાશિના ૨° - ૧૫'-૩૩'' છે. જ્યારે તા.૧૭.૦૫.૧૫૩૧ના પ્રતિષ્ઠાના દિવસે સૂર્ય વૃષભ રાશિના ૭° - ૪૪૨'-૦૭''નો હતો.

હવે જો પ્રબંધમાં જણાવેલ વૈશાખ વદ-૬ને મારવાડી તિથિ માનીએ તો, ગુજરાતી ચૈત્ર વદિ-૬, વિ.સં.૧૫૮૭ના સૂર્ય મેષ રાશિમાં અને ગુરૂ કન્યા રાશિમાં આવે અને ચંદ્ર પણ મકર રાશિના બદલે ધન રાશિમાં આવે છે. જેનો પ્રતિષ્ઠાની કુંડળી તથા વાર સાથે મેળ બેસતો નથી.

વળી બીજી અગત્યની વાત એ કે 'શત્રુંજયતીર્થોદ્ધાર પ્રબન્ધ'ની રચના ઉપાધ્યાય શ્રી વિવેકમંડનના શિષ્ય શ્રી વિવેકધીર ગણિએ પ્રતિષ્ઠાના બીજે જ દિવસે અર્થાત્ વિ. સં.૧૫૮૭ના વૈશાખ વદ-૭ને સોમવારે કરી છે અને તેઓ - તેમના ગુરૂ ઉપાધ્યાય શ્રી વિવેકમંડનની માફક શિલ્પશાસ્ત્ર-વાસ્તુશાસ્ત્રના નિષ્ણાત હતા તથા ઉપાધ્યાય શ્રી વિવેકમંડન, શ્રી વિનયમંડનના શિષ્ય હતા. તેમના અર્થાત્ શ્રી વિનયમંડનના બીજા શિષ્ય શ્રી સૌભાગ્યમંડન ગણિએ 'શત્રુંજયતીર્થોદ્ધાર પ્રબંધ'ની પ્રથમાદર્શ પ્રતિ, સં.૧૫૮૭ના વૈશાખ વદિ-૧૦ને ગુરૂવારના રોજ લખી છે. આ બધી તિથિ અને વાર તથા કુંડળી, નક્ષત્ર વગેરે ઉપરથી નિશ્ચિત થાય છે કે શ્રી શત્રુંજયતીર્થાધિપતિ શ્રી આદિનાથ પ્રભુની પ્રતિષ્ઠા વિ.સં.૧૫૮૭ના ગુજરાતી વૈશાખ વદિ-૬ અર્થાત્ મારવાડી જેઠ વદિ-૬ના રવિવારે શ્રી વિદ્યામંડનસૂરિજી મહારાજના શુભ હસ્તે થઈ છે.

મતલબ કે પ્રબન્ધના અંતે આપેલ ચૈત્ર વદ-૬, પ્રબન્ધ લેખક અથવા તેની પ્રતિલિપિ/નકલ કરનારની શરતચૂક છે.

આધુનિક ગણકયંત્રના આધારે પ્રતિષ્ઠા સમયની સંપૂર્ણ ગ્રહ પરિસ્થિતિ નીચે પ્રમાણે આપી શકાય. આ માહિતી જ્યોતિષ તથા મુહૂર્તશાસ્ત્રના નિષ્ણાત આચાર્ય ભગવંતોને ઉપયોગી બનશે તેવી આશા રાખું છું.

શાકે ૧૪૫૩, વિ.સં.૧૫૮૭, વૈશાખ વદ-૬, રવિવાર તા.૧૭.૦૫.૧૫૩૧ સવારે ક.૯-૪૯ મિનિટે કર્ક લગ્નની શરૂઆત થાય છે. પાલીતાણાનો સૂર્યોદય સવારે ૬-૦૭, સૂર્યાસ્ત ૧૯-૧૦, અયનાંશ ૧૭°-૧૮'-૪૯'', યોગ-શુક્લ, કરણ-ગરલ, શ્રવણ નક્ષત્ર, સાંપાતિક કાળ ૦૦-૫૭-૩૨

સૂર્ય-વૃષભ રાશિ, ૭°-૪૪'-૭'',મીનાંશ  ચંદ્ર-મકર રાશિ, ૧૧°-૫૭'-૧૪'', મેષાંશ

મંગળ-કુંભ રાશિ, ૧૫°-૧૪'-૨૫'',મકરાંશ  બુધ-મેષ રાશિ ૧૬°-૩૧'-૨૩'',સિંહાશ

ગુરૂ-તુલા રાશિ, ૦૦°-૦૧'-૨૫'',તુલાંશ શુક્ર-મીન રાશિ ૨૨°-૪૫'-૨૧'',મકરાંશ


શનિ-વૃષભ રાશિ, ૨૬°-૧૦'-૧૫'', સિહાંશ રાહુ-કન્યા રાશિ, ૨૧°-૪૫'-૫૯'', કર્કાંશ

કેતુ-મીન રાશિ, ૨૧°-૨૮'-૫૯'', મકરાંશ

મુહૂર્તશાસ્ત્ર પ્રમાણે ક્રૂર ગ્રહો, ૩-૬-૧૧માં સ્થાનમાં ગણાય અને સૌમ્ય ગ્રહો કેન્દ્ર તથા ત્રિકોણમાં શ્રેષ્ઠ ગણાય છે. તે અનુસાર આ પ્રતિષ્ઠા કુંડળીમાં રાહુ ત્રીજા સ્થાનમાં અને સૂર્ય-શનિ અગિયારમા સ્થાનમાં શ્રેષ્ઠ છે. એ સાથે સૌમ્ય ગ્રહો ગુરૂ, ચંદ્ર, શુક્ર અનુક્રમે ચોથે (કેન્દ્રમાં), સાતમે (કેન્દ્રમાં) અને નવમે (ત્રિકોણમાં) શ્રેષ્ઠ છે. ફક્ત મંગળ આઠમા સ્થાનમાં સારો ન ગણાય, પરંતુ તેના ઉપર ચોથે રહેલ ગુરૂની સંપૂર્ણ દૃષ્ટિ હોવાથી અશુભ ફળ આપતો નથી, વળી તે નવમાંશ કુંડળીમાં કુંભરાશિના મકર નવમાંશમાં આવતો હોવાથી શુભ બની જાય છે.

પ્રતિષ્ઠા સમયની લગ્નકુંડળી જે રીતે પ્રાચીન હસ્તપ્રતોમાં પ્રાપ્ત થાય છે, તે રીતે પ્રતિષ્ઠાનો ચોક્કસ સમય અથવા લગ્નના નવમાંશનો ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી. આમ છતાં કર્ક લગ્નમાં પ્રથમ કર્ક નવમાંશ અને ત્રીજા કન્યા નવમાંશ એમ બે નવમાંશ શુભ હોવાથી, બંને નવમાંશની કુંડળી મૂકતાં પ્રથમ કર્ક નવમાંશની કુંડળી સારી જણાય છે. તેથી પ્રતિષ્ઠાનો સમય સવાર ૯-૪૯ થી ૧૦-૦૦સુધીનો હોવાનો સંભવ છે. આનો ચોક્કસ નિર્ણય તો આ વિષયના નિષ્ણાંત આચાર્ય ભગવંતો જ આપે, એ યોગ્ય ગણાય.


**પ્રતિષ્ઠા લગ્ન કુંડળી**



**કર્કાંશ કુંડળી**



**કન્યાંશ કુંડળી**



## ફેબ્રુઆરી - ૨૦૨૫થી મે-૨૦૨૫ દરમ્યાન
## શેઠ આણંદજી કલ્યાણજી પેઢી સંચાલિત તીર્થોની પ્રવૃત્તિનો અહેવાલ

**શ્રી શત્રુંજય મહાતીર્થ :-**

સમગ્ર જૈન સંઘની શ્રદ્ધાના પરમ કેન્દ્ર સમાન શાશ્વત ગિરિરાજ શત્રુંજય મહાતીર્થની પાવન ભૂમિની સ્પર્શના કરવા માટે ૧૦ પૂજ્ય આચાર્ય ભગવંતો સહિત ૧૨૦ પૂજ્ય શ્રમણ ભગવંતો તથા ૫૩૦ પૂજ્ય શ્રમણી ભગવંતોના પગલા થયા હતા.

૨ છ'રી પાલિત સંઘોની પધરામણી થઈ હતી. તીર્થ પ્રત્યે અપૂર્વ આસ્થા-ભક્તિ ધરાવનારા ૧,૯૯,૫૪૭ યાત્રિક ભાઈ-બહેનોએ તીર્થયાત્રા કરીને ધન્યતાનો અનુભવ કર્યો હતો આમાં ૫૪૪ વિદેશી મહાનુભાવો હતા.

**ફાગણ સુદ-૧૩** ફાગણ ફેરી તરીકે પ્રસિદ્ધ છ'ગાઉની યાત્રા પ્રસંગે તીર્થ પ્રદક્ષિણાને તીર્થ વંદના, પૂજા, ભક્તિ, આરાધના વગેરેનો લાભ લેવા માટે ૧ લાખ થી ૧.૫ લાખ યાત્રિક ભાઈ બહેનો, દર્શનાર્થીઓ પધાર્યા હતા. વિવિધ સંઘો તથા મહાનુભાવો તરફથી સાધર્મિક ભક્તિના ૮૮ પાલનું આયોજન કરવામાં આવ્યું હતું અને સંઘપૂજન માટે ના ૪૫ પાલ રાખવામાં આવ્યા હતા.

**વરસીતપના પારણા** વિ.સં.૨૦૮૧ વૈશાખ સુદ-૩, બુધવાર, તા.૩૦.૦૪.૨૦૨૫ના દિવસે પારણા ભવન, તળેટી રોડ, પાલીતાણા ખાતે વરસીતપના ૪૭૯ તપસ્વી ભાઈ બહેનોના પારણાનો લાભ શાંતાબેન કેસરીમલજી જૈન પરિવાર બોરીવલી, મુંબઈ (હ.શ્રી ઉત્તમભાઈ)એ ભક્તિભાવ પૂર્વક લીધો હતો.

**પ્રતિષ્ઠાની સાલગીરી (વૈશાખ વદ-૬)**

વિ.સં.૨૦૮૧ વૈશાખ વદ-૬, બુધવાર, તા.૧૫.૦૫.૨૦૨૫ના દિવસે મુખ્ય ટૂંકના મૂળનાયક શ્રી આદિશ્વર પરમાત્માની પ્રતિમાની પ્રતિષ્ઠાના ૪૯૪માં વર્ષ નિમિત્તે મુખ્ય જિનાલય ઉપર નવીન ધજા રોહણનો લાભ રીખવચંદ ત્રિભુવનદાસ દોશી પરીવાર (વાવવાળા)એ લીધો હતો. આ સાથે અન્ય જિનાલયો તથા દેરીઓ ઉપર પણ ધજા રોહણ કરવામાં આવ્યું હતું.

**શ્રી ગિરનારજી મહાતીર્થ :-**

શ્રી નેમિનાથ પરમાત્માના ૩ કલ્યાણકથી મહિમામંડિત મહાતીર્થ ગિરનાર પર્વત પર રહેલા મૂળનાયક પરમાત્મા શ્રી નેમિનાથ ભગવાનના કર્ણમેરુ પ્રસાદ ટૂંક સહિત અનેક જિનાલયો યુક્ત ટૂંકોના દર્શનાર્થે પૂજ્ય આચાર્ય ભગવંતો અને ૧૮૩ શ્રમણ શ્રમણી ભગવંતો પધાર્યા હતા. ૫૧,૬૦૦ થી વધારે યાત્રિક ભાઈ બહેનોએ ગિરનારની ગૌરવવંતી ભૂમિની સ્પર્શના કરીને ધન્યતા અનુભવી હતી.

છ'રી પાલિત ૧ સંઘ ઉપરાંત વાહનો દ્વારા ૮૭ સંઘોનું આગમન થયું હતું.

દીક્ષા તથા વડી દીક્ષાનું આયોજન પણ થયું હતું. ગિરનાર તીર્થ પર મુખ્ય ટૂંક કર્ણમેરુ પ્રાસાદના ૮૯૬માં પ્રતિષ્ઠા વર્ષ નિમિત્તે જિનાલયનાં શિખર ઉપર વિ.સં.૨૦૮૧ વૈશાખ સુદ-૧૫, સોમવાર, તા.૧૨.૦૫.૨૦૨૫ના દિવસે મહેસાણા ઉપનગર જૈન સંઘ તરફથી ધજા ચઢાવવામાં આવી હતી.

**શ્રી તારંગા તીર્થ :-**

શ્રી અજિતનાથ ભગવાનની દૈદીપ્યમાન પ્રતિમા જ્યાં મૂળનાયક રૂપે બિરાજમાન છે એવા તારંગા તીર્થની યાત્રાર્થે ૩ આચાર્ય ભગવંત સહિત ૬૨ પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો પધાર્યા હતા.

કુલ ૧૫,૦૦૦થી વધારે યાત્રિક ભાઈ-બહેનોએ તારંગા તીર્થની સ્પર્શના કરી હતી.

મુખ્ય જિનાલય સામેની ટેકરી ઉપર સ્થિત મોક્ષશિલા અથવા પાપ પુણ્યની બારી સુધી પહોંચવા માટે રસ્તાનું નવીનીકરણ કરવામાં આવ્યું છે.

**શ્રી કુંભારિયાજી તીર્થ :-**

શ્રી નેમિનાથ જિનાલય સહિત ૫ દેરાસરથી મંડિત શ્રી કુંભારિયાજી તીર્થમાં ૨ પૂજ્ય આચાર્ય ભગવંતો સહિત ૪૧ પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજના પદાર્પણ થયા હતા. વાહન દ્વારા આવેલા સંઘોની સંખ્યા ૧૪ હતી જ્યારે કુલે ૪૦,૮૦૦ યાત્રિક ભાઈ-બહેનો આ તીર્થભૂમિની સ્પર્શના કરવા પધાર્યા હતા.

**શ્રી શેરીસા તીર્થ :-**

શેરિસા પાર્શ્વનાથ પરમાત્મા જ્યાં મૂળનાયકરુપે બિરાજમાન છે અને દેરાસરમાં નીચે પ્રભાવક લોઢણ પાર્શ્વનાથ અને કેસરિયાજી ભગવાનની મનોહારી પ્રતિમાજી પ્રતિષ્ઠિત છે એવા આ તીર્થમાં પૂજ્ય આચાર્ય ભગવંતો સહિત ૫૭૮ પૂજ્ય સાધુ-સાધ્વીજી મ.ના પાવન પગલા થયા હતા. ૬,૫૫૦થી વધારે યાત્રિક ભાઈ બહેનોએ યાત્રાનો લાભ લીધો હતો.

૫ પૂજન, ૬ વિવિધ પૂજાઓ, નવપદ ઓળી આરાધના, વરસીતપ પારણા, શિબિર વગેરેના આયોજન થયા હતા.

**શ્રી રાણકપુર તીર્થ :-**

શ્રી રાણકપુર મહાતીર્થ સ્થિત મુખ્ય શ્રી આદિનાથ ચતુર્મુખ જિનાલય સહિત અન્ય દેરાસરોમાં બિરાજમાન જિનબિંબોના દર્શન-વંદન-સ્તવના કરીને ૧ લાખથી વધારે મહાનુભાવો ધન્ય બન્યા હતા.

૩ પૂજ્ય આચાર્ય ભગવંતો સહિત ૭૪ પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજના પાવન પગલા તીર્થભૂમિ પર થયા હતા.

વાહનો દ્વારા ૧૦ સંઘ જેમાં ૨,૬૦૦ જેટલા યાત્રિક ભાઈ બહેનો પધાર્યા હતા.

ફાગણ સુદ-૫ તીર્થના વાર્ષિક પ્રતિષ્ઠાના દિવસે તીર્થ નિર્માતા ધરણાશાહ પરિવારના વંશજો દ્વારા તમામ જિનાલયો, દેરીઓ ઉપર નવીન ધ્વજા ચઢાવવામાં આવી હતી. આ દિવસે પૂજ્યશ્રી જગત શેખર વિજયજી મ.સા. આદિ ૧૦ મુનિઓની નિશ્રા પ્રાપ્ત થઈ હતી.

અક્ષય તૃતીયાના મંગળ દિવસે પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવના દીક્ષા તપની આરાધના કરનારા વરસીતપના તપસ્વીઓના પારણા ઉત્સવનું આયોજન પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી પ્રશાંતશેખરસૂરીશ્વરજી મહારાજ આદિ મુનિ ભગવંતોની નિશ્રામાં રાખવામાં આવેલ. આ દિવસે ભોજનશાળામાં સકળ સંઘનું સ્વામીવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું.

**શ્રી મૂછાળા મહાવીરજી તીર્થ :-**

શ્રી મૂછાળા મહાવીર તીર્થમાં ૨ આચાર્ય ભગવંત સહિત ૬૪ પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબ અને ૧૫,૦૦૦ થી વધારે યાત્રિક ભાઈ બહેનો પધાર્યા હતા.

**શ્રી મક્ષીજી તીર્થ :-**

શ્રી મક્ષીજી તીર્થની યાત્રાર્થે ૬ આચાર્ય ભગવંત સહિત ૧૮૦ પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજ પધાર્યા હતા. જ્યારે યાત્રિક ભાઈ બહેનોની સંખ્યા ૨૬૦૦ જેટલી હતી. વાહન દ્વારા ૨૫ ગ્રુપ યાત્રા માટે પધાર્યા હતા.

**શ્રી કુંભારીયાજી તીર્થની યાત્રા કરી આવ્યા ?**

કુંભારીયાજી તીર્થની યાત્રાએ જવાના છો ? એ તીર્થનો મજાનો ઈતિહાસ, અજાણ વાતો, એના પાંચ દેરાસરોનો પરિચય, પાંચે દેરાસરોમાં પથરાયેલો શિલ્પ અને સ્થાપત્યનો કળા ખજાનો !

આ બધું જોવા - જાણવા માણવા આ પુસ્તક વસાવી લ્યો !

**પ્રાચીન તીર્થ શ્રી કુંભારીયાજી :- મૂલ્ય રૂા.૩૦/-**

**અમદાવાદની અડોઅડ આવેલું સોહામણું તીર્થ શ્રી શેરીસા !**

યાત્રા તો તમે અનેકવાર કદાચ કરી હશે ! પણ ઈતિહાસ ખબર છે ? એ તીર્થના સર્જનની પાછળની મજેદાર કહાણી સાંભળી છે ?

એનું આહ્‌લાદક વાતાવરણ, એ વાતાવરણમાં વહેતી ઉર્જા.. એની વાતો ખબર છે ? નહી ! તો પછી તમે શ્રી શેરીસા તીર્થ (સચિત્ર-રંગીન તીર્થ પરિચાયિકા) પુસ્તક જોયું જ નથી ! આજે જ વસાવી લ્યો

**શ્રી શેરીસા તીર્થ :- મૂલ્ય રૂા.૩૦/-**

## શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટને જોઈએ છે

**અમદાવાદ, જૂનાગઢ, રાણકપુર, પાલીતાણા, તારંગા, શેરીસા શાખા પેઢી માટે**

**મેનેજર/આસી.મેનેજર** :- ઉંમર ૪૦ વર્ષથી વધુ-ગ્રેજ્યુએટ-ધાર્મિક કે સામાજીક સંસ્થાનો ૫ વર્ષથી વધુ વહિવટી અનુભવ - સરકારી/બિનસરકારી સંસ્થાઓના કામકાજના જાણકાર. એચ. આર., એકાઉન્ટ તથા લીગલ વિભાગની કામગીરીના જાણકાર, કોમ્પ્યુટર જાણકાર, ધર્મશાળા-ભોજનશાળાના વહીવટ સંભાળી શકે તેવા, જૈન તીર્થસ્થાનોમાં રહી ફરજ બજાવી શકે તેવા ઉમેદવાર.

**સિવિલ એન્જીનીયર :-**

**સીવીલ એન્જીનીયરીંગના કામના અનુભવી બી.ઈ. સીવીલ**

**સુપરવાઈઝર/ક્લાર્ક** :- ઉંમર ૨૫ વર્ષથી વધુ - ગ્રેજ્યુએટ-અંગ્રેજી, ગુજરાતી, હિન્દી કોમ્પ્યુટર ટાઈપીંગ, એકાઉન્ટના તથા કોમ્પ્યુટરના જાણકાર, જૈન તીર્થસ્થાનોમાં રહી ફરજ બજાવી શકે તેવા ઉમેદવાર.

**પૂજારી/કાજાવાળા** :- ઉંમર ૨૨થી વધુ - જૈન દેરાસરમાં પૂજારી/કાજાવાળાની કામગીરીના અનુભવી, સેવાપૂજા, આંગી, ભોજકની કામગીરીના જાણકાર, બહારગામ રહી શકે તેવા.

ઉપરોક્ત તમામ જગ્યા માટે જૈન ધાર્મિક સિધ્ધાંતો, પ્રણાલિકાઓની જાણકારી ધરાવનારને અગ્રતા આપવામાં આવશે.

અજરદારે અભ્યાસ, અનુભવ વિગેરેની નકલો તથા તાજેતરના બે ફોટા સાથે નીચેના સરનામે અરજી કરવી.

**શેઠ આણંદજી કલ્યાણજી (ધાર્મિક-ધર્માદા ટ્રસ્ટ)**
'સહુને આનંદ સહુનું કલ્યાણ'
**''શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન''**
**૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ,**
**પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭**

# તીર્થ વ્યવસ્થા, સલાહ-સૂચન, દાન, સહયોગ, જીવદયા, પાંજરાપોળ જીર્ણોદ્ધાર વગેરે પ્રવૃત્તિઓ માટે ટ્રસ્ટના સંપર્ક સૂત્રો :

**શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ**
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૨૬૬૪૪૫૦૨- ૨૬૬૪૫૪૩૦
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)
Telefax : 079 - 2660 8244
E-mail : shree_sangh@yahoo.com

**શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ**
પટણીની ખડકી, ઝવેરી ચેમ્બર્સની બાજુમાં,
ઝવેરીવાડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૫૬૩૧૯
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

**મુંબઈ બ્રાંચ**
**શેઠ આણંદજી કલ્યાણજી**
૧૦૦૧, ૧૦મે માળ, મેજેસ્ટીક શોપીંગ સેન્ટર, ૧૧૪, જે.એસ.એસ. રોડ,
ગિરગામ ચર્ચ નજીક, ગિરગામ, મુંબઈ-૪૦૦૦૦૪. ટે.નં. ૦૨૨-૨૩૮૦૮૦૪૮
(રકમ ભરવાનો સમય) સવારે ૧૧.૦૦ થી ૧.૩૦ બપોરે ૨.૦૦ થી ૬.૦૦
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

**શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ**
શ્રી રજનીશાંતિ માર્ગ, પાલીતાણા. પીન નં. ૩૬૪૨૭૦
ટેલિ.નં. : ૦૨૮૪૮-૨૫૨૧૪૮, ૨૫૩૬૫૬
ફેક્સ : ૦૨૮૪૮-૨૪૩૩૪૮
સમય : સવારે ૯ થી ૧૨-૩૦, બપોરે ૨-૩૦ થી ૭-૦૦

**'શ્રી આણંદજી કલ્યાણજી' ત્રૈમાસિક પત્ર સંબંધી**
તમામ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
E-mail : anandkalyanmagazine@gmail.com

'દયા ધર્મનું મૂળ છે'

# શેઠ આણંદજી કલ્યાણજી છા. પાં. સા. ટ્રસ્ટ



## શ્રી છાપરીયાળી પાંજરાપોળ

(સ્થાપના વિ.સં. ૧૯૦૮ ઈસ્વી. ૧૮૫૨)

અનેક અબોલ જીવોનો વિસામો

**જીવદયા પ્રતિપાલક યોજનમાં રૂા. ૯૦૦૦/-ના વાર્ષિક અનુદાનથી જોડાઓ અને જીવોના પાલક બનો.**

રોજના ફક્ત રૂા. ૨૫/- જેવી નાની રકમનું યોગદાન આપીને છાપરીયાળી પાંજરાપોળની દૈનિક નિભાવ ફંડ યોજનમાં લાભ લો અને ઘેર બેઠા રોજ ૧ પશુને તમારા તરફથી ઘાસચારા નીરણનો અમૂલ્ય લાભ મેળવો !!

જીવોના અભય દાતા બનો. દયા તમામ ધર્મોનું મૂળ છે. આજે જ પરિવારના દરેક વ્યક્તિ અથવા સંપૂર્ણ પરિવાર વતી રૂા. ૯૦૦૦/-નું પાંજરાપોળને દાન કરી લાભ લો !!

પાંજરાપોળની કોઈપણ યોજનામાં લાભ લેવા માટે
આ રકમ ચેકથી પેઢીના સરનામે મોકલી શકો છો અથવા
PUNJAB NATIONAL BANK
(આંબાવાડી બ્રાન્ચ) અમદાવાદના સેવિંગ્સ
A/C 0524000100066781 માં (IFSC CODE : PUNB0097100)
જમા કરાવીને સ્લીપની કોપી પેઢીના સરનામે મોકલવાથી
રસીદ આપને મોકલી આપવામાં આવશે.

**શેઠ આણંદજી કલ્યાણજી છા. પાં. સા. ટ્રસ્ટ**

મુ. પો. છાપરીયાળી, વાયા : જેસર - ૩૬૪૫૧૦. જિ. ભાવનગર.

અંક-૨૩

## શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

MISSION 500

SUVARNA MAHOTSAV CELEBRATION

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬

સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

BOOK-POST

To,


**શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)**

શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,

નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail : anandkalyanmagazine@gmail.com